# વાપી મહાનગરપાલિકા-વાપી

## જાહેરાત

વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગ માટે ૧૧ માસના કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ વાપી મહાનગરપાલિકા કચેરીમાં જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| અ. નં. | જગ્યાનું નામ | લાયકાત | અનુભવ | સંખ્યા | માસીક પગાર (ફિક્ષ) (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | લીગલ ઓફિસર | ૧) કાયદા અંગેની સ્નાતકની ડિગ્રી.<br>૨) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી ધરાવતો હોવો જોઈએ.<br>૩) અંગ્રેજી ગુજરાતી અને હિન્દી ભાષાની જાણકારી જરૂરી | કોઈપણ અદાલતમાં એડવોકેટ તરીકેનો ૦૫ વર્ષનો અનુભવ | ૦૧ | રૂ.૩૦૦૦૦/- |
| ૨ | ક્લાર્ક કમ કમ્પ્યુટર ઓપરેટર | સ્નાતક અને ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગના જાણકાર અને અનુભવી | બે વર્ષનો અનુભવ | ૨૦ | રૂ.૨૦૦૦૦/- |
| ૩ | સબ ઓડિટર | બી.કોમ અને ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગના જાણકાર | બે વર્ષનો અનુભવ | ૦૧ | રૂ.૨૫૦૦૦/- |
| ૪ | સબ એકાઉન્ટન્ટ | બી.કોમ અને ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગના જાણકાર | બે વર્ષનો અનુભવ | ૦૧ | રૂ.૨૫૦૦૦/- |
| ૫ | આસિસ્ટન્ટ એન્જીનીયર | BE Civil | બે વર્ષનો અનુભવ (પાણી પુરવઠા અને ડ્રેનેજ વિભાગને લગતી કામગીરીને પ્રાધન્ય) | ૦૪ | રૂ.૩૫૦૦૦/- |
| ૬ | ફિલ્ડ સુપરવાઈઝર | ITI Fitter | બે વર્ષનો અનુભવ (પાણી પુરવઠા અને ડ્રેનેજ વિભાગને લગતી કામગીરીને પ્રાધન્ય) | ૦૩ | રૂ.૧૫૦૦૦/- |
| ૭ | ટેક્ષ ઈન્સ્પેકટર | સ્નાતક અને ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગના જાણકાર અને અનુભવી | બે વર્ષનો અનુભવ (ટેક્ષેશન અંગેની જાણકારીને પ્રાધન્ય) | ૦૨ | રૂ.૩૦૦૦૦/- |

**શરતોઃ-**

(૧) લાયકાત ધરાવતા ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૦૭/૦૨/૨૦૨૫ સુધી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકા, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, તા.વાપી, જી.વલસાડ ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ / રજીસ્ટર પોસ્ટથી અથવા રૂબરૂ અથવા vpmc.mahekam@gmail.com ઉપર મોકલી આપવાની રહેશે. દરેક ઉમેદવારે કવર / પરબીડીયા ઉપર જે તે પોસ્ટ / જગ્યાનું નામ લખવાનું રહેશે.

(૨) ઉમેદવારે પોતાની અરજી સાથે ઉમેદવારનો બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, અનુભવ અંગેના પ્રમાણપત્રો, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા ડોક્યુમેન્ટની સ્વપ્રમાણીત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. જરૂરી ડોક્યુમેન્ટ જોડવામાં આવેલ નહી હોય તો અરજી માન્ય રહેશે નહી.

(૩) ઈન્ટરવ્યુ તા.૧૧/૦૨/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકા-વાપી, વાપીની ચલા ઝોન કચેરી, ચલા દમણ રોડ, ચલા, વાપી ખાતે રાખવામાં આવેલ છે.

(૪) તમામ ઉમેદવારોએ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર, અને ઈમેલ આઈ.ડી.અચુક લખવાનું રહેશે. ઈન્ટરવ્યુ અંગેની જાણ SMS અને Email દ્વારા જ કરવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારે જાણ કરવામાં આવશે નહી.

(૫) ફિક્સ પગાર સિવાય અન્ય કોઈપણ ભથ્થા મળશે નહી.

(૬) વાપી મહાનગરપાલિકા, વાપી, જી.વલસાડ ખાતે ઈન્ટરવ્યુ સમયે ઉમેદવારોએ સ્વખર્ચે અને પોતાના જોખમે હાજર રહેવાનું રહેશે. તથા ઈન્ટરવ્યુ સમયે તમામ અસલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.

(૭) સદરહું ભરતી તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.

(૮) ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે. તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા પસંદગી સમિતિ વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**વાપી મહાનગરપાલિકા-વાપી**

નં.માહિતી/વલસાડ/૫૯૧/૨૦૨૫